## ભિલોડાના સુનોખ ગામે ખેતરમાંથી ૧૨ ફૂટ લાંબો મહાકાય અજગર પકડાયો



ભિલોડા, તા. ૨૪

અરવલ્લી જીલ્લામાં અજગરની પ્રજાતિ ગિરિમાળાઓ છોડી ખેતર તરફ પ્રયાણ કરતા અને વારંવાર ખેતરોમાં અજગરની હાજરી નોંધાતા ખેડૂતો સહીત પ્રજાજનોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ભિલોડા તાલુકાના સુનોખ ગામના ખેતરમાં મહાકાય અજગર દેખાતા ગામના જીવદયા પ્રેમી યુવકોએ અજગરનું રેસ્ક્યુ કર્યું હતું. પકડતાની સાથે જ અજગર આકુળ-વ્યાકુળ થઈ જમીન ઉપર આળોટવા માંડ્યો હતો. જીવદયા પ્રેમી યુવકોએ મહામેહનતે અજગરને પકડી લઈ કોથળામાં પુરી વનવિભાગ તંત્રને જાણ કરતા કર્મચારીઓ ખેતરમાં દોડી આવ્યા હતા એને કોથળામાં પુરાયેલ અજગરને સુરક્ષિત નજીકના જંગલમાં છોડી મુક્યો હતો. અજગર જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

સુનોખ પંથકના ખેતરમાં બે દિવસથી ૧૨ ફૂટનો મહાકાય અજગર દેખાતો હોઈ ખેડૂતોમાં ગભરાટ ફેલાયો હતો અને ખેડૂતો એકલદોકલ જવાના બદલે કોઈને સાથે રાખીને ખેતરોમાં જવાનું પસંદ કરતા હતા. ખેતરમાં ચોમાસાની ઋતુમાં ખેતરોમાં ગાય-ભેંસ, ઘેટાં-બકરી જેવા ઢોર-ઢાંખર ચરવા આવતા હોય સાથે ખેતરોના સીમાડા પણ ખેતમજૂરોથી ધમધમતા હોવાથી પશુપાલકો અને ખેતર માલિકોમાં ફફડાટ ફેલાયો હતો. ત્યારે સોમવારે ખેતરમાં છુપાઈ રહેલ ૧૨ ફૂટ લાંબો અજગર જોવા મળતા ગામના જીવદયા પ્રેમી યુવકો દોડી આવી અજગરને ઝડપી પાડવા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ઝાડી-ઝાંખરામાંથી ઝડપી પાડી વનવિભાગ તંત્રને સોંપી દીધો હતો. ૧૨ ફૂટ લાંબો મહાકાય અજગર ઝડપાઈ જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# અંબાજી મંદિરના દ્વાર ૧૨ દિવસ સુધી બંધ

અંબાજી, તા. ૨૪

કોરોના મહામારીને લઈ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી સૌ પ્રથમ વખત ૩૦૦ વર્ષની પદયાત્રાની પરંપરા તુટશે. પણ હાલ કોરોનાની મહામારીના કારણે રહ્યા છે અને કોરોનાની મહામારીનુ સંક્રમણ વધુ ન ફેલાય તે માટે આ વખતે લઈ અંબાજી પહોંચી નહી શકે તેને લઈ અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંબાજી આવતા ૧૪૦૦ વીધીથી બ્રાહ્મણો દ્વારા પુજાવીધી કરવામાં આવી હતી અને તમામ સંઘોનુ સંચાલન કરતા ભાદરવી





પૂનમનો મેળો રદ્દ કરાતા મંદિરને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. કોરોના સંક્રમણને લઈને અંબાજીમાં યોજાનાર ભાદરવી પૂનમનો મેળો મોકુફ રખાયો છે. જેના કારણે અંબાજી મંદિર પણ મેળાના ૪ દિવસ પહેલાથી એટલે કે આજથી (૨૪ ઓગસ્ટ) દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. આ વખતે ઈતિહાસમાં સરકાર દ્વારા લેવાયેલા પગલાને સંઘવીઓએ પણ આવકાર્યો હતો અને આવતા વર્ષે મેળો ફરી રંગેચંગે ભરાય તેવી પ્રાર્થના કરી હતી.


**ભાવિકો સોશ્યલ મીડિયાના માધ્યમથી દર્શન કરી શકશે**

બનાસકાંઠા જીલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજીમાં ભરાતા ભાદરવી પુનમના મેળાને હવે ગણતરીના દિવસો બાકી આગામી ૨૭ મી ઓગસ્ટથી યોજાનાર ભાદરવી પૂનમનો મેળો સરકાર દ્વારા રદ્દ કરવામાં આવ્યો છે. એટલુ જ નહીં અંબાજી મંદિર પણ આજથી ૨૪ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે પદયાત્રીઓ સંઘ જેટલા નોધાયેલા સંઘો જ્યાંથી આવે છે તે ગામમાં મુખ્ય વ્યક્તિને માતાજીની ધજા મળે તેવી વ્યવસ્થાનું આયોજન કરાયું છે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે અંબાજી મંદિરમાં મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલી ધજાઓનું મંદિર સભા મંડપમાં રાખી શાસ્ત્રોક્ત પૂનમીયા સેવાસંઘના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યાં હતા. આ તમામ ધજા જે સંઘો અંબાજી પગપાળા સંઘ લઈને આવે છે તેમના વતન પહોચાડવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આ વખતે મેળો અને મંદિર બંધ રહેતા યાત્રીકોને ઘરબેઠા દર્શન નિહાળી શકાય તેવી વ્યવસ્થા સોશિયલ મીડિયાના માધ્યમ થકી કરાશે.







## ભારે વરસાદને લીધે ધોવાયેલા રસ્તાઓ ગણતરીના સમયમાં પૂર્વવત કરાયા

સમગ્ર ગુજરાતમાં છેલ્લા બે દિવસ દરમિયાન ભારે વરસાદના કારણે જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે જયારે ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં પણ વરસાદના કારણે નદી-નાળા છલકાયા છે અને ડેમમાં નવા નીરની આવક થઈ છે. જેમાં અરવલ્લી જિલ્લામાં પણ વરસાદ વરસતા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં રસ્તાઓને નુકશાન થયું હતું પરંતુ જિલ્લા વહિવટીતંત્રની સજ્જતાથી રસ્તાઓ પૂર્વવત કરાયા છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદના કારણે જિલ્લાના શનિવાર સવારથી રવિવારના સવારના ૬ કલાક દરમિયાન મોડાસામાં ૭૯, ૭૯, ભિલોડામાં ૧૩૦, મેઘરજમાં ૭૩, માલપુરમાં ૧૪૯, બાયડમાં ૬૯ અને ધનસુરામાં ૧૬૦ મળી કુલ ૬૬૦ મી.મી વરસાદ નોંધાયો હતો. જેને લઈ શહેરથી ગ્રામ્ય વિસ્તારને જોડતા ભિલોડા, માલપુર અને બાયડના ૧૬થી વધુ રસ્તાઓને નુકશાન પંહોચ્યું હતું પરંતુ અરવલ્લી જિલ્લા તંત્રની સજ્જતાથી કોઈ મોટી જાનહાનિ થઈ નથી. કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું હતું જિલ્લાના ઈમરજન્સી રીસપોન્સ ટીમ દ્વારા જે રસ્તાઓને નુકશાન થયું હોય ત્યાં સમારકામ હાથ ધરીને તે રસ્તાઓને ગણતરીના કલાકોમાં પૂર્વવત કરાયા છે જયારે નીચાણ ડીપ રસ્તાઓ પર જયાં ભયજનક રીતે પાણી વહેતા હોય તે રસ્તાઓ અવર-જવર બંધ કરી ત્યાં પોલીસ ટીમ સજ્જ કરાઈ છે. જયારે વરસાદને લઈ જિલ્લાના ૩૦૦થી વધુ નાના તળાવોમાં તેમજ ડેમમાં નવા નીરની આવક થઈ છે.

## ઉંઝા પાસે પાણીના વ્હેરામાં કાર તણાતાં પિતા-પુત્રના મોત

ઉંઝા, તા. ૨૪

ઉંઝા તાલુકાના વરવાડા અને ટૂંડાવ ગામ વચ્ચે માર્ગમાં પાણીના વ્હેરામાં એક મોટરકાર અચાનક તણાઈ જતાં કારમાં સવાર પિતા-પુત્રના કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે ગ્રામજનોની મદદથી ત્રણ વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા હતા. મહેસાણા જિલ્લાના ખેરાલુના બ્રહ્મસમાજના એક પરિવારના સભ્યો સવારના સમયે મોટરકારમાં ઉંઝા તાલુકાના વરવાડા ગામે કુળદેવી ચામુંડા માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા જ્યાં માર્ગમાં વરવાડા અને ટુંડાવ ગામો વચ્ચે ભારે વરસાદના કારણે માર્ગ પરના પાણીના વ્હેરામાં મોટરકાર અચાનક તણાઈ ગઈ હતી. જેથી આસપાસના ગ્રામજનો તુરત દોડી આવ્યા હતા અને બચાવ રાહતની કામગીરી આરંભી હતી. ભારે જહેમત બાદ ગ્રામજનોએ પાણીના વ્હેરામાંથી મોટરકાર બહાર કાઢી હતી. કારમાં સવાર પરિવારના પાંચ સભ્યો પૈકી પિતા પુત્રની સ્થિતિ ગંભીર જણાતા તેઓએ તુરત ૧૦૮ની મદદથી ઉંઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કરતાં પરિવારજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી.

આ કમનસીબ દુર્ઘટનામાં શંકરભાઈ પંડ્યા ઉં.વ. ૬૦ અને તેમના પુત્ર નૈતિક પંડ્યા ઉં.વ. ૩૫ બંને રહે. ખેરાલુના કરૂણ મોત નિપજ્યા હતા. આ ઘટનાની સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ હતી.

## તલોદ પાલિકાની ચૂંટણીમાં અઢી વર્ષ માટે ભાજપે સત્તા હાંસલ કરી





તલોદ, તા. ૨૪

તલોદ પાલિકામાં અઢી વર્ષ માટેની પ્રમુખ તથા ઉપ પ્રમુખની ચૂંટણીમાં પ્રાંતિજ/તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની રાહબરી હેઠળ માર્કેટયાર્ડના ચેરમેન કલ્પેશભાઈ પટેલના સહયોગથી રસાકસીભર્યા વાતાવરણમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી પાલિકાના હોલમાં યોજાઈ હતી. જેમાં ૪ કોંગ્રેસના સભ્યો તેમજ ૧૧ ભાજપના સભ્યો મળી કુલ ૧૫ જેટલા સભ્યોથી ભાજપે બહુમતીથી સત્તા હાંસલ કરી હતી. જેમાં ૧ સભ્ય ગેરહાજર હોવાથી કોંગ્રેસ દ્વારા ૭ જેટલા સભ્યોએ તેમની તરફેણમાં રહેતા કારમો પરાજય થયો હતો.

ચૂંટણી અધિકારી, નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટીના ડી.પી. ચૌહાણ, મામલતદાર અગરસિંહ ચૌહાણ, ચિફ ઓફીસર સંજયકુમાર રામાનુજ પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ આ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૫ જેટલા સભ્યો ભાજપ તરફેણ હાથ ઉંચો કરી મતદાન કરતા બહોળી બહુમતીથી ભાજપના પાલિકા પ્રમુખ તરીકે દક્ષાબહેન પ્રકાશસિંહ ઝાલા તેમજ ઉપ પ્રમુખ તરીકે ઋતુલકુમાર પ્રવિણભાઈ પટેલને વિજયી ઘોષિત કરાયા હતા. અઢી વર્ષ માટે ભાજપના વિજયી શાસનથી સમગ્ર કાર્યકર્તાઓ ગુલાબ છાંટી ફૂલહારથી અભિનંદન પાઠવી જયઘોષ કરી હતી.

પાલિકાની રસાકસી ચૂંટણીના પરિણામથી ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના નેતૃત્વમાં અંબાજી ચોક સુધી વિજયી સરઘસ કાડી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો. વિજયી નવા વરાયેલા પ્રમુખ અને ઉપ પ્રમુખને અભિંદન પાઠવી નગરજનોને વિકાસલક્ષી બનાવવાની ખાત્રી પણ આપી હતી.

## ભિલોડા તાલુકામાં ભારે વરસાદથી ગ્રામ્ય વિસ્તારોમાં ખેડુતોના ઉભા પાકને નુકસાન

**ખેતીલાયક ફળદ્રુપ જમીનોનું ઠેર-ઠેર ધોવાણ**



ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં છેલ્લા એક અઠવાડીયમાં ભારે વરસાદ દરમ્યાન વેજપુર, ઘાંટી, મલેકપુર, શંકરપુરા, ખુમાપુર, નારણપુર, નારસોલી, મઉં, ટાકાટુકા, ટોરડા, બુઢેલી, સિલાસણ, કમઠાડીયા, ધોલવાણી, સુનસર, લીલછા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ખેડુતોના ઉભા લીલાછમ લહેરાતા મગફળી, સોયાબીન, મકાઈ, તુવેર, અળદ, કપાસ સહિત વિવિધ પ્રકારના પાકો પર વરસાદી પાણી ફરી વળતા ખેડુતોને વ્યાપક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ખેડુતોને રાજ્ય સરકાર ધ્વારા પાક નુકસાનીનું વળતર મળે તેવી આશા ખેડુતો સેવી રહ્યા છે.

ભારેથી અતિભારે વરસાદના કારણે વરસાદી પાણીના ધસમસતો પ્રવાહ હોઈ નદી,નાળા,તળાવો,ચેકડેમો છલકાયા છે. સીમ વિસ્તારોમાં ખેતરોમાં લહેરાતા ઉભા પાકને વ્યાપક નુકસાન થયેલ હોઈ ખેડુતોના હાથમાં આવેલો કોળીયો છીનવાઈ ગયો સાથે - સાથે ઠેર-ઠેર ખેતીલાયક જમીનોનું ધોવાણ થવાથી ખેડુતોને વ્યાપક નુકસાન થયેલ છે.

ભિલોડા તાલુકા પંચાયત પુર્વ પ્રમુખ અમરતભાઈ બરંડા,વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ અસારી,ખુમાપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ નિકીતાબેન ધાર્મિકભાઈ ચૌધરી, શૈલેષભાઈ મોથલીયા સહિત સામાજીક આગેવાનોએ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં જણાવ્યું હતું કે ચોમાસાની સિઝન દરમ્યાન ભારેથી અતિભારે વરસાદ દરમ્યાન ખેડુતોને આર્થિક રીતે ભારે નુકસાન થયેલ હોઈ સત્વરે નુકસાનીનો સર્વેની ઝડપી કામગીરી હાથ ધરાય અને ખેડુતોને નુકસાનના પ્રમાણમાં યોગ્ય વળતર મળે તે સંદર્ભે લેખિતમાં ધારાદાર રજુઆત કરાઈ હતી.

## આજે ડીસામાં ૮૦૦ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા આપશે

ડીસા, તા. ૨૪

સૂત્રોએ જણાવ્યુ હતુ કે ગુજકેટની પરીક્ષા પૂર્ણ થયા બાદ માર્ચ-૨૦૨૦માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બે વિષયમાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવનાર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા તા.૨૫-૮-૨૦૨૦ થી તા.૨૭-૮-૨૦૨૦ દરમ્યાન યોજાનાર છે. આ પરીક્ષા જિલ્લામથકે ૨૪ પરીક્ષા બિલ્ડીંગ પરથી લેવામાં આવનાર છે. જેમાં ૮૦૦ ઉમેદવારો ઉપસ્થિત થનાર છે તથા કુલ ૪૦ પરીક્ષાખંડોમાં પરીક્ષા યોજાશે. ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા તા.૨૫-૮-૨૦૨૦થી તા.૨૮-૮-૨૦૨૦ સુધી જિલ્લામથકે ૩૪ પરીક્ષા બિલ્ડીંગ પરથી લેવામાં આવનાર છે. તે પરીક્ષામાં કુલ ૭૫૨૦ ઉમેદવારો ઉપસ્થિત થનાર છે તથા કુલ ૩૭૬ પરીક્ષાખંડોમાં પરીક્ષા યોજાશે.

કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં લેવાનાર પરીક્ષાના સંદર્ભે પરીક્ષા દરમ્યાન પરીક્ષા સ્થળો પર વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે રાખવાની થતી તકેદારીઓ જેવી કે વિદ્યાર્થીઓએ સમયસર પરીક્ષા સ્થળે પહોંચી જવું અને સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું અને પરીક્ષાખંડના દ્વારથી હાથ સેનીટાઈઝેશન કરી તથા થર્મલ ગનથી ટેમ્પરેચર ચેકીંગ કરાવીને જ પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવવાનો રહેશે. વિદ્યાર્થીઓએ માસ્ક ફરજીયાત પહેરીને જ પરીક્ષા સ્થળ પર પ્રવેશ કરવું તથા વિદ્યાર્થી જો ઈચ્છે તો પારદર્શક પાણીની બોટલમાં પાણી લઈ જઈ શકશે. વિદ્યાર્થી પરીક્ષા બિલ્ડીંગમાં પ્રવેશ મેળવી તુરંત જ પોતાના પરીક્ષાખંડમાં જ બેસી જવું, બિન જરૂરી અન્ય સાથે સંપર્ક કરવો નહી, તેમજ પરીક્ષાખંડમાં સોશ્યલ ડીસ્ટન્સ જળવાય તે પ્રકારે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે.

હાલ ચાલી રહેલી ગુજકેટની પરીક્ષા અને આવતીકાલથી શરૂ થનાર ૨૫ ઓગસ્ટથી શરૂ ધોરણ ૧૦-૧૨ની પરીક્ષા પૂર્ણ થયે પરીક્ષા બિલ્ડીંગમાં એકઠા થયા વગર તુરંત જ તમામ વિદ્યાર્થીઓએ પરીક્ષા બિલ્ડીંગમાંથી નીકળી જવું. ઉપરોક્ત તમામ વ્યવસ્થાઓની ચકાસણી માટે ઓબ્ઝર્વરની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ સાથ અને સહકાર આપવા બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી એન.બી. ચાવડાએ જણાવ્યું છે.

## પ્રાંતિજ ખાતે નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપના બન્ને ઉમેદવારોની બીન હરીફ વરણી





પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આજ રોજ પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખ ની બીનહરીફ વરણી થઈ હતી.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આજરોજ પ્રાંતિજ તલોદ પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયાના અધ્યક્ષસ્થાને યોજાવાની હતી પણ ચુંટાયેલા ૨૪ કોર્પોરેટરોમાથી પ્રમુખ અને ઉપપ્રમુખ માટે માત્ર એક-એક ફોર્મ ભરાયાં હતા તથા અન્ય કોઈ પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ફોર્મ ભરાયા ન હતા. ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ પ્રમુખ ઉપપ્રમુખના નામના મેન્ડેટ ચૂંટણી અધિકારીને આપ્યું હતું. પ્રમુખ ઉપપ્રમુખ માટે અન્ય કોઈ ફોર્મ ના ભરાતા ચૂંટણી અધિકારી સોનલબા પઢેરીયા દ્વારા પ્રમુખ તરીકે દિપકભાઈ હસમુખભાઈ કડીયા તથા ઉપપ્રમુખ તરીકે જગદીશભાઈ લછુમલ કિમતાણીને બિનહરીફ જોહેર કરવામાં આવ્યા હતા. નગરપાલિકાના ચુંટાયેલા સભ્યો દ્વારા પણ નવા પ્રમુખ અને ઉપપ્રમુખને પાર્ટીના આદેશને શીરો માન્ય ગણ્યો હતો અને પ્રમુખ અને ઉપપ્રમુખને ફુલહાર પહેરાવીને અભિનંદન પાઠવ્યા આવ્યા હતા. કોગ્રેસ અને અપક્ષ કોર્પોરેટરો દ્વારા પણ નવા પ્રમુખ અને ઉપપ્રમુખને ફુલહાર પહેરાવીને અભિનંદન પાઠવ્યા હતા.

## કોરોના મહામારીના યોદ્ધાનું યુનિટી જન સેવા ટ્રસ્ટ દ્વારા સન્માન



વિશ્વમાં કોરોના મહામારી ચાલી રહી છે તેવીજ રીતે ગુજરાતમાં પણ બાકાત નથી રહ્યું ત્યારે રાજ્ય સરકાર હોય કે ભારત સરકાર કે સેવાભાવી સંગઠનો કોરોના મહામારીને રોકવા અને તેના સંકમણને નાથવા અનેક પ્રકારના કર્યો કરવામાં આવેલા તેવી જ રીતે અરવલ્લી જિલ્લા મોડાસા ખાતે યુનિટી જન સેવા ટ્રસ્ટ દ્વારા કોરોના-૧૯ મહામારીના સંક્રમણને રોકવા અને જાગરૂકતા ફેલાવવા અને જરૂરિયાત દવાઓ આર્યુવેદીક ઉકાળા જેવી આ સમયે ઉત્તમ કામગીરી બદલ કોવિંડ-૧૯ યોદ્ધા સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ હાજી બાબુભાઈ ટાઢા દ્વારા કોવિંડ-૧૯ યોદ્ધા સલીમભાઈ પટેલ (એસેન્ટ કોમ્પ્યુટરવાળા)નું સન્માન કરવામાં આવેલ.



ખેડબ્રહ્મા નગરપાલિકામાં કોંગ્રેસની સત્તા ખેડબ્રહ્મા નગરપાલિકાની ૨.૫ વર્ષની પ્રમુખ ઉપપ્રમુખની મુદત પુર્ણ થતા ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી એચ.યુ. શાહના અધ્યક્ષસ્થાને ચૂંટણી યોજાઈ હતી જેમાં કોંગ્રેસ તરફથી પ્રમુખ માટે સાગરભાઈ પટેલ અને ઉપપ્રમુખ માટે જિગ્નેશભાઈ જોશીનું ફોર્મ ભરવામાં આવ્યું હતું જ્યારે ભાજપ તરફથી પ્રમુખ માટે અરવિંદભાઈ ઠક્કર અને ઉપપ્રમુખ માટે મધુબેન પટેલનું ફોર્મ ભરવામાં આવ્યું હતું.